---

**મે. હારીજના જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટ, મુ.હારીજ, જી.પાટણ.**

---

ક્રિમીનલ કેસ નંબર : ૪૬૧/૨૦૨૬

આંક :

**ફરીયાદી**:– શ્રી સરકાર

–: વિરૂધ્ધ :–

**આરોપી**:– (૧) ગોપાલજી જયંતિજી મેઠાજી ઠાકોર, ઉ.વ.૨૮, રહે.હારીજ ખેમાસર, તા.હારીજ જી.પાટણ

(૨) સંજયજી જયંતીજી મેઠાજી ઠાકોર, ઉ.વ.૩૩, રહે.હારીજ, ખેમાસર, તા. હારીજ જી.પાટણ

(૩) રાહુલજી વનાજી વેલાજી ઠાકોર, ઉ.વ.૨૭, રહે.હારીજ, ખેમાસર, તા.હારીજ જી.પાટણ

(૪) સ્વરૂપસિંહ મહેન્દસિંહ ડાહયાજી ઠાકોર, ઉ.વ.૨૬, રહે. ખાખડી, તા.હારીજ જી.પાટણ

(૫) અશોકજી ઉર્ફે જોધાજી પ્રહલાદજી નાનજીજી ઠાકોર, ઉ.વ.૨૯, રહે. દુધારામ પુરા, ઠાકોર વાસ, તા. જી.પાટણ

**ગુનો**:– બી.એન.એસ.ની કલમ ૧૦૩(૧), ૧૪૦(૧), ૩(૫), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ.....

**<u>–:: કમીટલ હુકમ ::–</u>**

**(૧)** આ કામના ફરીયાદી રમેશજી બાબુજી સોમાજી ઠાકોર નાઓએ તા. ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ હારીજ પોલીસ સ્ટેશને આરોપીઓ સામે આપેલી ફરીયાદ અનુસંધાને આરોપી વિરુધ્ધ હારીજ પોલીસ સ્ટે.માં ગુ.ર.નંબર ૧૧૨૧૭૦૦૯૨૬૦૨૧૦/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ ૧૦૩(૧),

૧૪૦(૧), ૩(૫), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો. જે ગુનાની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો હોવાનું સ્વિકારી તપાસ કરનાર અમલદારે આરોપીઓ સામે ઉપરોકત ગુના અંગે આંક-૧ વાળુ ચાર્જશીટ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદરહું ચાર્જશીટ આ કોર્ટમાં રજુ થતાં જેનો ક્રિ.કે.નંબર ૪૬૧/૨૦૨૬ થી રજીસ્ટરે લેવામાં આવેલુ. સદર કામે આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ અત્રેની કોર્ટમાં રજૂ થતા આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી ત્યારબાદ આરોપીની જુબાની લીધેલ છે. જેમાં આરોપીઓ સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે તેમ જણાવેલ છે. આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૧૦૩(૧), ૧૪૦(૧), ૩(૫), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ હોઈ, જે ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોઈ જે કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટને હોય જેથી હાલનો કેસ નામદાર સેશન્સ અદાલત,પાટણને કમીટ કરી મોકલી આપવો ન્યાયોચીત હોવાથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## ..... હુ ક મ ...

બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૨ અન્વયે સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ, પાટણને કમીટ કરવામાં આવે છે. સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ કોર્ટ,પાટણને મુદત હરોળ મોકલી આપવુ.

આ કેસ કમીટ થયાની જાણ ડી.જી.પી.શ્રી, પાટણ ને કરવી.

સદરહું કામે આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ આરોપીને નામદાર સેશન્સ અદાલત, પાટણ ખાતે હાજર રાખવા સારૂ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજનું કમીટલ વોરંટમાં જેલરશ્રી, સબજેલ, પાટણ નાઓને સમજ કરેલ છે.

હુકમ આજ રોજ તા.૦૪ માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:-૦૪/૦૬/૨૦૨૬

હારીજ- પાટણ.

(એમ.ડી.જાદવ)
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ
હારીજ,જી.પાટણ.
(UI Code: GJ.01746)